કાન્તિ ભટ્ટ

## ઈતિહાસમાં સત્ય કરતાં જૂઠ અને ભ્રમણા વધુ

The very ink with which all history is written is merely fluid prejudice.

- Mark twain

માર્ક ટ્વેઇન લખે છે કે જે શાહીથી ઈતિહાસ લખાય છે એ માત્ર પૂર્વગ્રહોથી ભરેલું પ્રવાહી છે. વળી એમાં સત્ય કરતાં જૂઠ અને ભ્રમણા વધુ હોય છે. ખરો સેક્યુલર કોણ હતો ? અંગ્રેજો સામે લડનારો મૈસૂરનો રાજા ટીપુ સુલતાન ભારતનો પ્રથમ સ્વાતંત્ર્યવીર હતો. લગભગ ૧૫૦ વર્ષ પહેલાં ૧૮૫૭ના બળવા લગોલગ ટીપુ સુલતાન અંગ્રેજો સામે લડેલો એના વિશે અંગ્રેજોની ગુલામી કરતા પત્રકારોએ ટીપુ સુલતાનને કોમવાદી અને જુલ્મી ચિતરેલો અને મહાત્મા ગાંધીએ જ ટીપુ સુલતાનને ફર્સ્ટ ફ્રીડમ ફાઇટરનું બિરુદ આપેલું એમ પ્રોફેસર ગેઇલ ઓમવેટે કહ્યું છે. જોકે એ જમાનાના અંગ્રેજોના ગુલામ ઈતિહાસકારોએ ટીપુ સુલતાનને ઈસ્લામિક ફૅનેટિક અને મૈસૂરના વોડયાર કૂળનું રાજ પડાવનાર તરીકે ઓળખાવ્યો છે. તેમણે ખોટું લખ્યું હતું કે કર્ણાટકના ક્રિશ્ચિયનોને તેણે ઈસ્લામમાં ફરજિયાત ધર્મપરિવર્તન કરાવેલું.

ભગવાન ગિડવાણી નામના ઈતિહાસકારે પછી ટીપુ સુલતાનની ભેરે આવીને ઘણા દાયકા બાદ લખ્યું કે બ્રિટિશ ઈતિહાસકારોએ ચીતર્યો છે. હકીકતમાં ટીપુ તો બ્રટિશરોને ભારતમાંથી હાંકી કાઢવા માંગતો હતો. ગિડવાણીએ ૧૯૦૮નાં ઈન્ડિયન ગેઝેટિયરમાં લખ્યું છે, 'ટીપુ સુલતાનની માત્ર એક જ પેશન હતી-અંગ્રેજોને હાંકી કાઢવા. તેણે જયપુર, કાશ્મીર, હૈદરાબાદ, મસ્કત, પર્શિયા અને કાબુલના રાજાઓને એલચીઓ મોકલીને કહેવડાવ્યું કે હિન્દુસ્તાનમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા મને મદદ કરો; પણ કોઇએ મદદ કરી નહીં અને બ્રિટિશરોની ખુશામત કરી.'

ગિડવાણી લખે છે કે ટીપુ સુલતાને કદી તેના શાસનમાં ધર્મનું ઓઠું નથી વાપર્યું. ભલે તે પોતે ખૂબ જ ધાર્મિક હતો, પણ રાજા તરીકે તે પ્રથમ ઈન્ડિયન હતો અને છેલ્લે સુધી ઈન્ડિયન હતો. ઔરંગઝેબે બિનઇસ્લામી પ્રજા પર વેરો નાખ્યો એવો ટીપુ સુલતાને નહોતો નાખ્યો. શૃંગેરીના મઠના શંકરાચાર્ય સાથે તેને દોસ્તી હતી. કાલિકટમાં સાચવી રાખેલું ખતપત્ર કહે છે કે ટીપુ સુલતાને ૬૧ જેટલી જગ્યાઓ ધાર્મિક સ્થાનકો બાંધવા આપેલી. બાકીની એમા માત્ર પાંચ જગ્યાઓ જ મસ્જિદ બાંધવા માટે આપેલી. આપેલી બાકીની જગ્યામાં હિન્દુ મંદિરો બંધાયેલા. કેરળમાં જે ગુરુવાયુર મંદિર છે એ માટે ૬૬૯ એકર જમીન ટીપુ સુલતાને આપેલી.

બ્રિટનના ખંધિયા ઈતિહાસકાર ચાર્લ્સ સ્ટુઅર્ટ લખે છે કે ટીપુ સુલતાને ૭૦,૦૦૦ સિરિયન ક્રિશ્ચિયનોને મલબારમાં ફરજિયાત ઇસ્લામી બનાવ્યા હતા. મારી પુત્રીના સસરા ટીજેએસ જ્યોર્જ બેંગ્લોરના 'ન્યુ ઇન્ડિયન એક્સપ્રેસમ'માં સિનિયર તંત્રી છે અને તેઓ પણ સિરિયન ક્રિશ્ચિયન છે. તેમનો મત છે કે મલબારમાં  માત્ર ૫૦,૦૦૦ સિરિયન ક્રિશ્ચિયનો હતા તે ક્યાંથી ૭૦,૦૦૦ થઇ ગયા ? તો આવું જૂઠ શું કામ ફેલાવ્યું ? બ્રિટિશરોને સિરિયન ક્રિશ્ચિયનોનો ટેકો જોઇતો હતો એટલે આવું જૂઠ ફેલાવેલું. ટીપુ સુલતાને સત્તા મેળવ્યા પછી લખેલું કે હું જીવતો છું ત્યાં સુધી મૈસૂરમાં અંગ્રેજો નહીં ફાવે.

ભારતના રાજ્યોનું પુર્ગઠન કરનારા સરદાર કે. એમ.પાનીકરે ઈતિહાસકાર તરીકે લખ્યું છે કે રાજપૂતાના, મરાઠા, નિઝામ અને પંજાબના મહારાજા રણજિતસિંહ સુધીના તમામ રાજાઓ બ્રિટિશરોને તાબે થયા; પણ ટીપુ સુલતાન જ અણનમ રહ્યો. ટીપુ સુલતાનના શાસનમાં પુરનૈયા કૃષ્ણરાવ અને શામૈયા અટોની અને જેમણે બ્રટિશરોની ગુલામી સ્વીકારી એ હૈદરાબાદના મુસ્લિમ શાસકો સામે ટીપુ સુલતાન લડતો. દિલ્હીના મોગલોના નામના સિક્કા પાડવાની પણ તેણે ના પાડેલી. હકીકતમાં તેના પિતા સુલતાન હૈદરઅલીએ તેનું નામ માત્ર ટીપુ રાખેલું. સૂફીસંત ટીપુ મસ્તાન ઓલિયાના નામ પરથી એ નામ પડેલું.

પ્રેક્ટિકલ શિખામણ:

જેમને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે તેઓ દરેક જગ્યાએ સુખી રહી શકે છે.

- મહાત્મા ગાંધી